# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**DATE : 06.03.2026** **MORNING: 7.45 TO 7.55**
**DAY : FRIDAY** **NATIONAL NEWS**

આકાશવાણી સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

***************************************************

**1)** રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ વિવિધ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોના રાજ્યપાલો અને ઉપરાજ્યપાલોની નિમણૂક કરી

**2)** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ફિનલેન્ડના રાષ્ટ્રપ્રમુખે નિયમ-આધારિત આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા અને બહુપક્ષીય સહયોગ પ્રત્યે તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો

**3)** પ્રધાનમંત્રી આજે કૃષિ અને ગ્રામીણ પરિવર્તન પર બજેટ બાદના વેબિનારને સંબોધશે.

**4)** રાજ્યસભા ચૂંટણી માટે ઉમેદવારીપત્રની આજે ચકાસણી કરાશે.

**5)** ગ્રામીણ વિકાસ મંત્રાલય આજથી રાષ્ટ્રવ્યાપી વીબી જી-રામ-જી યુવા ડિજિટલ ઝૂંબેશ શરૂ કરશે

**6)** ICC ટી-20 ક્રિકેટ વિશ્વકપમાં ઇંગ્લૅન્ડને સાતથી હરાવી ભારતે ફાઈનલમાં પ્રવેશ કર્યો.

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# GOVERNOR-APPOINTMENT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના રાજ્યપાલ અને લેફ્ટનન્ટ ગવર્નરોની નિમણૂક કરી છે. હિમાચલ પ્રદેશના રાજ્યપાલ શિવ પ્રતાપ શુક્લાને તેલંગાણાના રાજ્યપાલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જ્યારે તેલંગાણાના રાજ્યપાલ જિષ્ણુ દેવ વર્માને મહારાષ્ટ્રના રાજ્યપાલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

બિહાર વિધાનસભાના ભૂતપૂર્વ સ્પીકર નંદ કિશોર યાદવને નાગાલેન્ડના રાજ્યપાલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જ્યારે નિવૃત્ત લેફ્ટનન્ટ જનરલ સૈયદ અતા હસનૈનને બિહારના રાજ્યપાલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તમિલનાડુના રાજ્યપાલ આર.એન. રવિને પશ્ચિમ બંગાળના રાજ્યપાલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

કેરળના રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકર હવે તમિલનાડુના રાજ્યપાલનો કાર્યભાર સંભાળશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પશ્ચિમ બંગાળના રાજ્યપાલ ડૉ. સી.વી. આનંદ બોઝનું રાજીનામું સ્વીકારી લીધું છે. લદ્દાખના લેફ્ટનન્ટ ગવર્નર કવિંદર ગુપ્તાને હિમાચલ પ્રદેશના લેફ્ટનન્ટ ગવર્નર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જ્યારે દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વિનય કુમાર સક્સેનાને લદ્દાખના લેફ્ટનન્ટ ગવર્નર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ભૂતપૂર્વ રાજદ્વારી, તરનજીત સિંહ સંધુને દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

# PM-ON-FINLAND

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ફિનલેન્ડના રાષ્ટ્રપતિ એલેક્ઝાન્ડર સ્ટબએ નિયમ-આધારિત આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા અને બહુપક્ષીય સહયોગ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે. બંને નેતાઓએ જણાવ્યું હતું કે ભારત અને ફિનલેન્ડ વચ્ચેની મિત્રતા પરસ્પર આદર અને લોકશાહી મૂલ્યો અને વૈશ્વિક શાંતિ અને સુરક્ષા પ્રત્યે પ્રતિબદ્ધતા પર આધારિત છે. તેઓ ભારત-ફિનલેન્ડ સંબંધોને પરસ્પર લાભ માટે વ્યૂહાત્મક ભાગીદારી સુધી વધારવા સંમત થયા હતા.

બંને નેતાઓએ સ્વચ્છ ઊર્જાના મહત્વ પર ભાર મૂક્યો, ઓછા કાર્બન ઉત્સર્જન, ઊર્જા કાર્યક્ષમતા, બાયોફ્યુઅલ, સ્માર્ટ ગ્રીડ અને ગ્રીન હાઇડ્રોજન જેવા ક્ષેત્રોમાં સ્વચ્છ ઊર્જા ઉકેલો પર ભાર મૂક્યો. ફિનલેન્ડના રાષ્ટ્રપતિએ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ભારતના કાયમી સભ્યપદ માટે સમર્થનનો પુનરોચ્ચાર કર્યો.

આ પ્રસંગે પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે આજના વૈશ્વિક વાતાવરણમાં, ભારત અને યુરોપ, તેમના સંબંધોમાં સુવર્ણ યુગમાં પ્રવેશી રહ્યા છે.

**બાઇટ : PM-ON-FINLAND-RELATION**

# PM-A.GRI-WEBINA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વિડીયો કોન્ફરન્સ દ્વારા કૃષિ અને ગ્રામીણ પરિવર્તન પર બજેટ બાદના વેબિનારને સંબોધિત કરશે.

**આ થીમ હેઠળ આઠ વેબિનાર સત્રોનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જેમાં કૃષિ, પશુપાલન અને ડેરી, મત્સ્યઉદ્યોગ અને ગ્રામીણ આજીવિકા એમ ચાર મુખ્ય ક્ષેત્રો આવરી લેવામાં આવ્યા છે**

**સાંભળીએ એક અહેવાલ...........**

**VC- PM-VEBINAR**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

**RS**

**રાજ્યસભા ચૂંટણી માટે ઉમેદવારી પત્રોની આજે ચકાસણી થશે. ઉમેદવારો 9 માર્ચ સુધી પોતાની ઉમેદવારી પાછી ખેંચી શકશે. મતદાન 16 માર્ચે થશે.**

**બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે ગઇકાલે રાજ્યસભા ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભર્યું. ગૃહમંત્રી અમિત શાહ, ભાજપ પ્રમુખ નીતિન નવીન, કેન્દ્રીય**

મંત્રીઓ રાજીવ રંજન સિંહ અને જીતન રામ માંઝી, નાયબ મુખ્યમંત્રીઓ સમ્રાટ ચૌધરી અને વિજય કુમાર સિંહા અને અન્ય વરિષ્ઠ નેતાઓ આ દરમિયાન હાજર રહ્યા હતા.

અમારા સંવાદદાતા જણાવે છે કે.....

**VC: SAVITA-PARIKH-FINAL**

હરિયાણામાં રાજ્યસભા ચૂંટણી માટે ભાજપ તરફથી સંજય ભાટિયા, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ તરફથી કરમવીર સિંહ બૌદ્ધ અને અપક્ષ ઉમેદવાર તરીકે સતીશ નંદલે પોતાનું ઉમેદવારી પત્ર ભર્યું. તેલંગાણામાંથી રાજ્યસભા બેઠકો માટે કોંગ્રેસના ઉમેદવારો અભિષેક મનુ સિંઘવી અને વેમ નરેન્દ્ર રેડ્ડીએ પોતાના ઉમેદવારી પત્રો ભર્યા.

# VB-G-RAM-G--CAMPAIGN

ગ્રામીણ વિકાસ મંત્રાલય, માય ભારત સાથે મળીને, આજે રાષ્ટ્રવ્યાપી " **VB** જી રામ જી" યુવા ડિજિટલ અભિયાન શરૂ કરશે..

તેનો ઉદ્દેશ્ય વિકાસિત ભારત - ગ્રામીણ રોજગાર અને આજીવિકા મિશન અધિનિયમ, **2025** વિશે જનજાગૃતિ લાવવાનો છે. આ અભિયાનનો ઉદ્દેશ્ય ક્વિઝ, વિડીયો અને સર્જનાત્મક સ્પર્ધાઓ જેવી પ્રવૃત્તિઓ દ્વારા યુવાનોને પહેલના કેન્દ્રમાં જોડવાનો છે, જેથી તેને રાષ્ટ્રવ્યાપી ડિજિટલ જન ચળવળ બનાવી શકાય.

આ અભિયાનના ભાગ રૂપે, 15 થી 29 વર્ષની વયના યુવાનો માટે આજે રાષ્ટ્રીય સ્તરની ટૂંકી વિડિઓ, રીલ અથવા એનિમેટેડ વિડિઓ સ્પર્ધા, "60 સેકન્ડ્સ ફોર માય વિલેજ" પણ શરૂ કરવામાં આવી રહી છે. વિજેતાઓની પસંદગી સર્જનાત્મકતા, મૌલિકતા, તકનીકી ગુણવત્તા અને વિષય સુસંગતતાના આધારે કરવામાં આવશે. સહભાગીઓ માય ભારત પોર્ટલ દ્વારા સ્પર્ધામાં ભાગ લઈ શકે છે.

# T20 WORLD CUP

ICC પુરુષ ટી20 ક્રિકેટ વર્લ્ડ કપમાં, ગઈકાલે રાત્રે મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે રમાયેલી બીજી સેમિફાઇનલમાં ભારતે ઇંગ્લેન્ડને 7 રનથી હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો. 254 રનના લક્ષ્યનો પીછો કરતા ઇંગ્લેન્ડે 20 ઓવરમાં 7 વિકેટે 246 રન બનાવ્યા હતા.

અગાઉ, બેટિંગમાં ઉતરતા, ભારતે 20 ઓવરમાં 7 વિકેટે 253 રનનો વિશાળ સ્કોર બનાવ્યો. સંજુ સેમસનએ 42 બોલમાં 89 રન બનાવ્યા જ્યારે શિવમ દુબેએ 43 રનનું યોગદાન આપ્યું. ઇંગ્લેન્ડ માટે જેકબ બેથેલે 48 બોલમાં શાનદાર 105 રન બનાવ્યા. સંજુ સેમસનને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.

રવિવારે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ફાઇનલમાં ભારતનો મુકાબલો ન્યુઝીલેન્ડ સામે થશે. કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે ફાઇનલમાં પ્રવેશ કરવા બદલ ભારતીય પુરુષ ક્રિકેટ ટીમને અભિનંદન પાઠવ્યા છે.

# NT.-WEST-ASIA-CONFLICT-UPDATE

પશ્ચિમ એશિયામાં સંઘર્ષ ઝડપથી ફેલાઈ રહ્યો છે. અમેરિકા અને ઇઝરાયલ ઇરાન સામે સંયુક્ત હવાઈ હુમલા કરી રહ્યા છે, જ્યારે ઇરાન મિસાઇલો અને ડ્રોનથી બદલો લઈ રહ્યું છે. આ સંઘર્ષ પ્રાદેશિક સ્થિરતા અને વૈશ્વિક સુરક્ષા માટે ખતરો છે, જેના કારણે ઘણા દેશોમાં ચિંતા વધી રહી છે. આ દેશોએ તણાવ ઓછો કરવા હાકલ કરી છે. અમેરિકી રાસ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક અમેરિકન વેબસાઇટ સાથેની મુલાકાતમાં જણાવ્યું હતું કે તેમનું માનવું છે કે તેમણે ઈરાનના આગામી સર્વોચ્ચ નેતાની પસંદગીમાં વ્યક્તિગત રીતે સામેલ થવું જોઈએ.

તેમણે કહ્યું કે આયાતુલ્લાહ અલી ખામેનીના પુત્ર અને આ પદ માટે અગ્રણી દાવેદાર મોજતબા ખામેનીની પસંદગી અસ્વીકાર્ય છે. તેમણે કહ્યું કે તેઓ એવા નેતા ઇચ્છે છે જે ઈરાનમાં સુમેળ અને શાંતિ લાવે. ઇઝરાયલી સંરક્ષણ દળોના વડાએ જણાવ્યું હતું કે તેઓ ઇરાન સામેના અભિયાનના આગામી તબક્કામાં આગળ વધી રહ્યા છે.દરમિયાન, ઈરાનના વિદેશ મંત્રી  અબ્બાસ અરાઘચીએ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે અમેરિકા સંઘર્ષમાં ઝડપી લશ્કરી વિજય મેળવવામાં નિષ્ફળ ગયું છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નીકીતા શાહ

- આજના મોટા ભાગના તમામ અખબારમાં વિવિધ સમાચાર મુખ્ય મથાળામાં જોવા મળી રહ્યા છે.
- રાજસ્થાન પત્રિકાએ "બિહાર મેં નીતિશ યુગ કા સમાપન, ભાજપા કા સીએમ બનાને કી તૈયારી"ને મુખ્યશીર્ષક બનાવ્યું છે.
- ફૂલછાબનું મુખ્યશીર્ષક છે, યુદ્ધનો ધૂંધવાટ પહોંચ્યો હિન્દ મહાસાગરના ઘૂઘવાટ સુધી.
- નવગુજરાત સમયે ઇંગ્લેન્ડને હરાવીને ભારત ટી-20 વર્લ્ડકપની ફાઈનલમાં આ સમાચાર મુખ્યશીર્ષકમાં લીધા છે.
- દિવ્ય ભાસ્કર લખે છે, યુદ્ધ જહાજ પર હુમલાના જવાબમાં ઈરાને અમેરિકાના ઑઇલ ટેન્કરનો સફાયો કર્યો.
- ગુજરાત સમાચારે ઇંગ્લેન્ડને પછાડી ઇન્ડિયાની ફાઈનલમાં ધમાકેદાર એન્ટ્રી ને મુખ્યશીર્ષક બનાવ્યું છે.
- સંદેશ લખે છે, બિહારમાં ભાજપનું શાસન – નીતિશ રાજ્યસભામાં.
- સંદેશ છેલ્લા પાને લખે છે, સુભાષબ્રિજ હવે આઠ લેનનો બનશે, 236 કરોડના ખર્ચે નવસર્જન થશે.
- નવગુજરાત સમયે છેલ્લા પાના પર કેન્દ્ર સરકાર દ્વારા ગ્રાહક બાબતોના વિભાગને 2025ના કોડનું ગેઝેટ પરત ખેંચવા સલાહ - સરકારી પ્રોજેક્ટ અને મેટ્રો રેલના ખર્ચમાં વધારાની ભીતિથી ભૂકંપ સંબંધિ ડિઝાઈન કોડ પરત ખેંચાશે શીર્ષક સાથે સમાચાર પ્રકાશિત કર્યા છે.